॥ ॐ नमः सिद्धेभ्य. ॥

इंद्रनंदि आचार्य विरचित

श्रुतपंचमी महात्म्य.

प्रकटकर्ता.

शा. मुलचंद किसनदास कापडीआ,

सुरत.

कि. रु. ० २-०.

નં. ૨

॥ श्री सरस्वतिदेव्यै नमः ॥

શ્રી ઇન્દ્રનંદી આચાર્ય વિરચિત

શ્રી શ્રુતપંચમી મહાત્મ્ય

(સંસ્કૃત શ્રુત સ્કંધ પુજા, સરસ્વતિ પુજા, શારદા ષ્ટક, સરસ્વતિ સ્તવન અને જીનવાણી સ્તુતિ સહિત)

હિંદી ઉપરથી ભાષાંતર કરી પ્રકટ કર્તા,

શા. મુલચંદ કસનદાસ કાપડીઆ.

માલિક દિગમ્બર જૈન પુસ્તકાલય-સુરત.

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ ભાગાતળાવ—સુરત.

વીર સંવત ૨૪૩૬. વિક્રમ સંવત ૧૯૬૬.

કિં. રૂા. ૦—૨—૦

પ્રસ્તાવના.

આધુનિક સમયમાં દિનપ્રતિદીન આપણા ધર્મ, જાતિ, શાસ્ત્રો વગેરેની હીન દશા થતી જાય છે, જેથી તેનું રક્ષણ કરવાને જો દરેક પુરૂષ પ્રયત્ન કરે તો આપણે ગુમાવેલા ગૌરવની પુનઃ પ્રાપ્તિ માટે આખી સમાજમાં ઉત્સાહ થયા વિના રહે નહિ.

આ શ્રી ઇંદ્રનંદી આચાર્યકૃત લઘુ પણ અત્યંત ઉપયોગી ગ્રંથ, આપણા એક પ્રાચીન પર્વનું સ્મરણ અને તેનું ગૌરવ પ્રગટ કરવાને તથા તેનો બંધ થયેલો પ્રચાર પાછો ચાલુ કરવાને માટે પં. લાલારામદ્વારા હિંદીમાં પ્રગટ થયો છે જેનું ગુજરાતી ભાષાંતર કરીને આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે, જે ગુજરાતના ભાઇઓને અત્યંત ઉપયોગી થઇ પડશે, કેમકે એમાં જૈનાગમ (જૈન શાસ્ત્ર) નો અવતાર સંસારમાં કેવી રીતે થયો તે વિષયનો સવિસ્તર ઇતિહાસ છે.

શ્રી શ્રુતપંચમી પર્વનો ઉત્સવ ગુજરાતમાં પુનઃ પ્રચલિત થાય એ હેતુથી પં. પનાલાલ બાકલીવાલ તરફથી અનેક વખત સુચના થવાથી અને હાલમાં જેઠ સુદ ૫ નજદીક આવેલી હોવાથી આ ગ્રંથ પ્રગટ કરવાનું અમોએ ઉચિત ધાર્યું છે જો દરેક પુરૂષ આ ગ્રંથ એકવાર વિચાર પૂર્વક વાંચશે તો તે આ પર્વનો ઉત્સવ કરવા તત્પર થશેજ.

આપણામાં પહેલાં કેવા કેવા સમર્થ આચાર્યો થઈ ગયા છે અને તેમણે કેવા કેવા મહાન્ ગ્રંથો બનાવ્યા છે પણ દિલગીર થવા જેવું છે કે હાલમાં એ ગ્રંથોની પ્રાપ્તિ તો રહી,

પશુ એનું નામ પણ જોવાવાળા રહ્યા નથી.

જૈન સિદ્ધાંતોની રક્ષા કરવાને માટે પં. ધરસેનજીને અતિશય આકુલતા થઇ હતી પણ તેની શોધ કરવાને શક્તિ છતાં આપણી પ્રવૃત્તિ હજુ સુધી થઈ નથી. જીન શાસ્ત્રોના પ્રભાવથી-જ જૈન ધર્મનું અસ્તિત્વપણું સંસારમાં છે. આપણા જે ગ્રંથોથી અન્યમતી વિદ્વાનોના ગર્વ પણ ગલિત થઇ જતા હતા તે ગ્રંથોની એવી દુર્દશા થઇ ગઇ છે કે જે જોતાં આંસુ આવે છે. આપણા લોકોના હૃદયમાંથી પવિત્ર જીનવાણી માતાનું ગૌરવ અને આચાર્યોની વૃત્તિનું અભિમાન અવશ્ય નષ્ટ થઈ ગયું છે, નહિ તો અનેક ઉદારશીલ ગ્રહસ્થો દર વર્ષે લાખો રૂપીઆ દાન ધર્મમાં ખરચે છે પણ ગ્રંથ જીર્ણોધ્ધારના કાર્યમાં કંઇ ખરચાતું નથી એ શું યોગ્ય કહેવાય ? આ કેટલું દિલગીર થવા જેવું છે કે લાખો પ્રાચીન ગ્રંથોના આપણે માલિક હોવા છતાં આપણામાં એક પણ એવો સરસ્વતિ ભંડાર સ્થાપન થયો નથી કે જેમાં હજાર બે હજાર ગ્રંથનો સંગ્રહ હોય. આ શ્રુતપંચમી પર્વનો ઇતિહાસ વાંચ્યા પછી જો એ પર્વ પૂર્ણ રીતે પ્રચલિત થશે તોજ જૈન શાસ્ત્રોના જીર્ણોદ્ધારની ચર્ચા દરેક સ્થાને થશે એમ અમો ખાત્રીપૂર્વક કહીયે છીએ-

પ્રાચીન કાળમાં દરેક ઠેકાણે આ પર્વનો ઉત્સવ પાળવામાં આવતો, તેથી લોકો ગ્રંથોનો સંગ્રહ કરવામાં તથા ગ્રંથ જીર્ણોદ્ધાર કરવામાં લાખો રૂપીઆ ખરચતા હતા, ઇડર, જેસલમીર, કામા, કારંજા, નાગોર, સોનાગીરી, આમેર, જયપુર, કોલ્હાપુર, મહુવા, સોજીત્રા વગેરે ઠેકાણે હજુ પણ બબ્બે ત્રણ ત્રણ હજાર ગ્રંથોનો સંગ્રહ દુર્દશામાં છે તે આ વિષયનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. લાખો ગ્રંથો નષ્ટ થઇ જવા છતાં પણ એટલા ગ્રંથો હજુ

મોજુદ છે કે જેનો ઉદ્ધાર કરવાથી આપણી ઉન્નતિ થઇ શકે. આ સર્વે કારણ માટે શ્રુતપંચમી પર્વ [જેઠ સુદ ૫ નો દિવસ] નો ઉત્સવ દરેક ઠેકાણે શરૂ થવો જોઇએ એ દિવસે પ્રત્યેક મંદિરમાં જીનવાણી માતાની વિધિપૂર્વક પૂજા સ્તુતિ કરવી, શાસ્ત્રો ખુલ્લાં કરીને હવા દુર કરવી અને આ શ્રુતાવતારની પવિત્ર કથાને વાંચીને દરેકને સંભળાવવી જોઇએ. એ દિવસે બધા ભાઇઓએ પ્રત્યેક મંદિરનાં તથા પોતાનાં ઘરનાં સર્વ શાસ્ત્રો ઉઘાડી તેને ધુપ દેવો. અને શ્રુતસ્કંધ પુજા સર્વેએ સાથે વિધિસહિત આનંદથી કરવી જોઇએઅને એ દિવસે સૌ સૌની શકિત અનુસાર નવીન ગ્રન્થ લખાવી અથવા છપાવી મંગાવી મંદીરને, તીર્થને, ગૃહત્યાગીઓને વિદ્યાર્થીને તથા અસમર્થ (ગરીબ) શ્રાવક શ્રાવિકાને ભેટ કરવા કેમકે શાસ્ત્ર કે જે જ્ઞાનનું સાધન છે તે દાનની સમાન દુનિયામાં અન્ય કોઇ દાન નથી.

છેવટે, આ ટુંક ઉપોદઘાત પૂર્ણ કરતાં અમે શ્રી જીનેંદ્રદેવને પ્રાર્થના કરીએ છીએ કે આ ગ્રંથદ્વારા આપણી સમાજમાં જીન વાણી માતાની ભકિતનો પ્રવાહ વધે, અને આપણા લોકો ભગવાન ભટ્ટાકલંક સમંતભદ્રાદિ મહાત્માઓના સ્મારક બનાવી પ્રતિવર્ષ એમની જયન્તિઓ પાળવા તત્પર થાય, વળી સમાજમાં એવી પવિત્ર બુદ્ધિ ઉત્પન્ન થાય કે "જયારે અમે જીનવાણી માતાની સાચી સેવા કરીશું અને અમારા રૂષિ મહર્ષિઓના મહાન પરિશ્રમનો સત્કાર કરતાં શીખીશું ત્યારેજ અમારી ઉન્નતિ તુરત થશે" તથાસ્તુ.

વીર સવત ૨૪૩૬ }
ચૈત્ર વદી ૧૨ }

જાતિ સેવક
શા. મુલચંદ કસનદાસ કાપડીઆ—સુરત.

॥ ॐ नम. सिद्धेभ्यः ॥

श्रुतपंचमी महात्म्य

॥ मंगलाचरण ॥

सर्वनाकीन्द्रवन्दितकल्याणररं परं देवम् ॥

प्रणिपत्य वर्धमानं श्रुतस्य वक्ष्येऽहमवतारम् ॥ १ ॥

હજુ પણ શ્રુત અનાદિ નિધન છે, અર્થાત્ ત અનાદિ કાલથી છે, અને અનન્તકાળ સુધી રહેશે, પરંતુ એનો કાળના નિયમ અનુસાર અનેક વાર ઉત્પાદ અને અનેક વાર વિનાશ થયો છે, તેથીજ શ્રુત અનાદિ નિધન છે તેનું વર્ણન કરૂં છું. આ ભરતક્ષેત્રમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી નામે બે કાળ પ્રવર્તેછે, જે દરેકમાં નિરન્તર પ્રત્યેક જીવોના શરીરની ઉંચાઇ અને આયુષ્યમાં ન્યુનાધિકતા થયા કરે છે. અવસર્પિણી અને ઉત્સર્પિણી કાલની સ્થિતિ પ્રથક્ પ્રથક્ દશ કોડા કોડી સાગરની છે. બન્નેની સ્થિતિના કાલ સમયને કલ્પકાળ કહે છે. હાલમાં અવસર્પિણી કાલ પ્રવર્તમાન છે. કાલના ભેદ જાણવા વાલા શ્રી ગણધરદેવે એના છ ભેદ બતાવ્યા છે. ૧ સુખમા સુખમા, ૨ સુખમા, ૩ સુખમા દુ:ખમા, ૪ દુખમા, સુખમા ૫ દુ:ખમા, અને ૬ દુ:ખમા દુ:ખમા, એ પૈકી પહેલો ચાર કોડા કોડી સાગરનો, બીજો ત્રણ કોડા કોડી સાગરનો, ત્રીજો બે કોડા કોડી સાગરનો, ચોથો એક કોડા કોડી સાગરમાં ૪૨ હજાર

વર્ષ ઓછાનો, પાંચમો એકવીશ હજાર વર્ષનો અને છઠ્ઠો પણ એકવીશ હજાર વર્ષનો છે. પહેલા કાળમાં મનુષ્યોની ઊંચાઈ છ હજાર ધનુષ્ય, બીજામાં ચાર હજાર ધનુષ્ય, ત્રીજામાં બે હજાર ધનુષ્ય, ચોથામાં પાંચસો ધનુષ્ય, પાંચમામાં સાત હાથ અને છઠ્ઠામાં [1]અરત્નિ પ્રમાણ હોયછે. વળી મનુષ્યોનું આયુષ્ય પહેલા કાળમાં ત્રણ પલ્ય, બીજામાં બે પલ્ય, ત્રીજામાં એક પલ્ય, ચોથામાં એક કરોડ વર્ષ, પાંચમામાં એકસો વીસ વર્ષ અને છઠ્ઠામાં માત્ર વીશ વર્ષ હોય છે.

પહેલા બે કાળ વીતી ગયા અને ત્રીજા કાલના પલ્યનો આઠમો ભાગ બાકી રહ્યો, તે વખતે પ્રતિશ્રુતિ, સન્મતિ, ક્ષેમં-કર, ક્ષેમંધર, સીમંકર, સીમંધર, વિમલવાહન, ચક્ષુષ્માન, યશ-સ્વાન, અભિચન્દ્ર, ચન્દ્રાભ, મરૂદેવ, પ્રસેનજિત અને નાભિરાય એ ચૌદ કુલકરોની ઉત્પત્તિ થઇ. એઓએ પોતાના પ્રતાપથી હા ! મા ! ધિક્ ! વગેરે શબ્દો માત્રથીજ પૃથ્વિનું શાસન (રાજ્ય) કર્યું. અર્થાત્ એમને જો કદી કોઈને શિક્ષા કરવાની જરૂર પડતી તો ઉપરોકત શબ્દોથી માત્ર શિક્ષા કરતા હતા, તેમાં પણ પહેલા પાંચ કુલકરોએ માત્ર હા ! શબ્દથી, બીજા પાંચે હા ! મા ! શબ્દોથી અને છેલ્લા [2]પાંચ કુલકરોએ હા ! મા! અને ધિક્ ! શબ્દવડેજ રાજ્ય કર્યું હતું. વાંચનારને આશ્ચર્ય લાગશે કે શું ! આ શબ્દની એટલી બધી અસર થતી હશે ? પણ તે શબ્દોની અસર તે મહારાજાઓના પ્રચંડ પ્રભાવ

---

૧. કનિષ્ટકા (ટચલી) આંગલી સીધી રાખી મુઠ્ઠી વાળતાં હાથનું જે પ્રમાણ થાય તેને અરત્નિ પ્રમાણ કહે છે. તે હાથથી જરા નાનું હોય છે.

૨. શ્રી રૂષભદેવજીને પણ પંદરમા કુલકર માનેલા છે.

થી એટલી અસરકારક થતી કે હાલના દેહાંત દંડ (ફાંસી) ની અસર પણ તેવી થતી નથી, કેમકે તે સમયના સર્વે લોકો પૂર્ણ નીતિવાન, આબાદ, રાજ્યભકત અને સંપીલા હતા, તેથી કદી કોઇ ગુન્હો કરતુંજ નહિ પરંતુ કોઇ અજ્ઞાનતાથી ગુન્હો કરવા પ્રવૃ-ત થયો હોય તો તેને ઉપરોકત શબ્દની શિક્ષાજ બસ થતી.

પહેલા કુલકરે (રાજાએ) સૂર્ય ચંદ્રના પ્રકાશથી જે લોકો ભયભીત થયા, તેમનો ભય નિવારણ કર્યો. બીજાએ તારા ગણના પ્ર-કાશના ભયનું નિવારણ કર્યું, ત્રીજાએ સિંહ સર્પાદિકનો ભય મટાડયો, ચોથાએ અન્ધકારના ભયને દીવો સળગાવવાની શીખામણથી દુર કર્યો, પાંચમાએ કલ્પવૃક્ષના સ્વત્વની મર્યાદા બાંધી, છઠ્ઠાએ પો-તાની નિયમિત હદમાં શાસન (રાજ્ય) કરવાનું શીખવ્યું, સાત-માએ ઘોડા, રથ, હાથી આદિની સ્વારીઓ ઉપર ચઢતાં શીખવ્યું, આઠમાએ જે લોકો પોતાના પુત્રનું મુખ દેખવાથી ભયભીત થયેલા તેમના ભયનો નાશ કર્યો, નવમા રાજાએ પુત્ર પુત્રીઓનું નામ પાડવાની વિધિ બતાવી. દશમાએ ચંદ્રમાને બતાવી બચ્ચાં ને ક્રીડા કરવાની રીત શીખવી. અગીઆરમાએ પિતાપુત્રના વ્યવહાર ધર્મનો પ્રચાર કર્યો, અર્થાત લોકોને સમજાવ્યું કે આ તમારો પુત્ર છે, આ તમારી પુત્રી છે, અને તમે તેમના પિતા છો, અને તેમના પ્રત્યે તમારા અમુક અમુક ધર્મ છે. બારમાએ નદી, સમુદ્ર વગેરેમાં વહાણ હોડી વગેરેમાં બેસી સામેપાર જવાનું અને તરવાનું શીખવ્યું, તેરમાએ ગર્ભનો મલ દુર કરવાનું એટલે સ્નાનાદિક કર્મનો ઉપદેશ આપ્યો, અને ચૌદમાએ બાળકની નાળ કાપવાની વિધિ બતાવી.

પછી ચૌદમા રાજા શ્રી નાભિરાજાનાં મરૂદેવી મહારાણીના ગર્ભથી પ્રથમ તિર્થંકર શ્રી વૃષભનાથજી ઉત્પન્ન થયા, અને એમણે

ભરતક્ષેત્રમાં પોતાના તીર્થની પ્રવૃત્તિ કરી. શ્રી વૃષભનાથ ભગવાનના નિર્વાણ પામ્યા બાદ પચાસ લાખ કોટી સાગર વર્ષ સુધી સંપૂર્ણ શ્રુતજ્ઞાન અવિચ્છિન્નપણે [અખંડિત] પ્રકાશિત રહ્યું. ત્યાર પછી બીજા તિર્થંકર શ્રી અજીતનાથ ભગવાને અવતાર લીધો અને તે પણ પોતાના શિષ્યોને ઉત્તમ પ્રકારે ઉપદેશ આપી મોક્ષે ગયા. એમની પછી પણ શ્રુતજ્ઞાન અસ્ખલિત (અખંડિત) રીતે ચાલ્યા કર્યું.

શ્રી અજીતનાથજીના નિર્વાણ ગયા પછી ૩૦ લાખ કોટિ સાગર વર્ષ પછી શ્રી સંભવનાથજી, તે પછી ૧૦ લાખ કોટિ સાગર પછી શ્રી અભિનન્દનનાથજી, તેમના પછી ૯ લાખ કોટિ સાગર પછી શ્રી સુમતિનાથજી, ૯૦ હજાર કોટી સાગર વર્ષ પછી શ્રી પદ્મનાથજી, ૯ હજાર કોટિ સાગર પછી શ્રી સુપાર્શ્વનાથજી, ૯૦૦ કોટી સાગર પછી શ્રી ચંદ્રપ્રભુનાથજી, અને ચંદ્રપ્રભુથી ૯૦ કોટિ સાગર પછી શ્રી પુષ્પદન્તનાથજી થયા. ત્યાં સુધી સમસ્ત શ્રુત સંપૂર્ણપણે પ્રકાશિત રહ્યું, અને તે પછી શ્રી પુષ્પદન્તનાથજી ના સમયને ૯ કરોડ સાગર વર્ષ પૂર્ણ થયા બાદ જ્યારે ચોથો પલ્ય બાકી રહ્યો ત્યાં સુધી શ્રુતનો પ્રકાશ રહ્યો. તે પછી પા પલ્ય સુધી શ્રુતનો વિચ્છેદ રહ્યો. એ પછી શ્રી શીતળનાથજીનો જન્મ થયો એમણે ફરીથી શ્રુતનો પ્રકાશ કર્યો, અને તે ૬૬૨૬૦૦૦ વર્ષ ઘાટ ૯૯૯૯૯૦૦ સાગરમાં અડધો પલ્ય બાકી રહેલો ત્યાં સુધી પ્રકાશિત રહ્યું. અને તે પછી અર્ધો પલ્ય સુધી શ્રુતનો વિચ્છેદ રહ્યો. વળી તે પછી થયેલા તીર્થંકર શ્રેયાંસનાથજીએ ફરીથી શ્રુતજ્ઞાનનો પ્રકાશ કર્યો. તેમના નિર્વાણ પછી ૫૪ સાગરમાં પોણો પલ્ય બાકી રહેલો, તે વખતે શ્રુતનો નાશ થયો, અને તે પ્રમાણેનો વિચ્છેદ પોણો પલ્ય રહ્યો. તે પછીશ્રી વાસુપુજ્ય નાથજી તિર્થંકર થયા, તેમણે શ્રુતનો ફરીને પ્રકાશ કર્યો. તેમના

નિર્વાણુ પછી ૩૦ સાગરમાં એક પલ્ય બાકી રહેલો તે વખતે શ્રુતનો નાશ થયો, અને તે એક પલ્ય સુધી તેવી સ્થિતિમાં રહ્યું. એ પછી શ્રી વિમલનાથજી ઉત્પન્ન થયા, તેમણે શ્રુતનો ઉદ્ધાર કર્યો. પણ એમના તિર્થના સમયના ૯ સાગરમાં જયારે એક પલ્ય બાકી રહ્યો ત્યારે શ્રુતનો વિચ્છેદ થયો, અને તે પ્રમાણે એક પલ્ય રહ્યા બાદ શ્રી અનન્તનાથજી તીર્થંકરે પુનઃ શ્રુતનો પ્રકાશ કર્યો. એમના નિર્વાણુ પછી ૪ સાગરમાં પોણો પલ્ય બાકી રહ્યો ત્યાંસુધી શ્રુત અવિછિન્ન રહી પોણો પલ્ય સુધી શ્રુતનો વિચ્છેદ (નાશ) રહ્યો. એ પછી શ્રી ધર્મનાથજીએ ફરી શ્રુત પ્રકાશિત કર્યું. શ્રી ધર્મનાથજીના નિર્વાણુ પછી ત્રણ સાગ-રમાં જયારે અર્ધો પલ્ય બાકી રહ્યો, ત્યારે શ્રુતનો વિનાશ થયો, અને એ પ્રમાણે અર્ધો પલ્ય વિચ્છેદ રહ્યો. ત્યારબાદ શ્રી શાન્તિનાથજી તિર્થંકર થયા. એમણે ફરી શ્રુતનો પ્રકાશ કર્યો. તે પછી અર્ધા પલ્ય બાદ શ્રી કુન્થુનાથજી, હજાર કોટિ વર્ષ ઘાટ પા પલ્ય વિત્યા પછી શ્રી અરનાથજી, હજારકોટિ વર્ષ વિત્યા પછી શ્રી મલ્લીનાથજી, ૫૪ લાખ વર્ષ વીત્યા પછી શ્રી મુનિસુવૃતનાથજી, ૭ લાખ વર્ષ વિત્યા પછી શ્રી નમિનાથજી, પાંચ લાખ વર્ષ વિત્યા પછી શ્રી નેમનાથજી, પોણા ચોર્યાશી હજાર વર્ષ વિત્યા પછી શ્રી પાર્શ્વનાથજી અને તેને ૨૫૦ વર્ષ વીત્યા પછી શ્રી વર્ધમાન (મહાવીરસ્વામી) તીર્થંકર થયા. શ્રી શાન્તિનાથથી વર્ધમાન તીર્થંકર સુધી શ્રુતનો વિચ્છેદ થયો નહોતો. ચપળ બુદ્ધિવાળા યતિવરો(મુનીઓ) દ્વારા તે સમયે શ્રુત જેમનું તેમ પ્રકાશિત રહ્યું હતું.

શ્રી પાર્શ્વનાથ ભગવાનના તીર્થના અન્તસમયમાં [1]કુન્દનપુર

---

૧ આ સ્થાન મગધ દેશમાં પાવાપુરની પાસે હાલપણ એજ નામથી પ્રસિદ્ધ છે.

ના રાજા સિદ્ધાર્થની પ્રિય પટરાણી ત્રિશલા રાણીના ગર્ભમાંથી અન્તિમ્ તિર્થંકર શ્રી મહાવીરસ્વામીનો જન્મ થયો. તેમણે ત્રીશ વર્ષની ઉમરે કુમારાવસ્થામાંજ જીનદિક્ષા લઇ લીધી. અને ઘોર તપશ્ચર્યા કરીને બાર વર્ષમાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરી લીધી. એમને કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતાં ઇન્દ્રની આજ્ઞાથી કુબેરે સમવસરણ નામની સભાની રચના કરી. તે મહાસભામાં દેવ, મનુષ્ય, મુનિ ઇત્યાદિ સર્વનો સમુહ એકત્ર થયો, તોપણ ત્રણ જગદ્‌ના ગુરૂ એવા શ્રી વીર ભગવાનની દિવ્ય ધ્વનિ [અલૌકિક વાણી] ૬૬ દિવસ સુધી તેમના પવિત્ર મુખમાંથી નીકળી નહિ, તે જોઇ ઇન્દ્ર વિચારમાં પડયા તો તેનું કારણ એવું સમજાયું કે હજી સુધી આ સભામાં ગણુધર દેવનો અભાવ છે, તેથી ગણુધર દેવવિના ભગવાનની દિવ્ય ધ્વનિ થશે નહિ.

આથી ગણુધરની શોધ કરવાને માટે ઇન્દ્ર ગૌતમ ગામમાં ગયા. ત્યાં એક બ્રાહ્મણુશાળામાં [1]ઇન્દ્રભૂતિ નામનો મહાપંડિત પોતાના પાંચસો શિષ્યો સન્મુખ વ્યાખ્યાન આપતો હતો. આ ઇન્દ્રભૂતિ સઘળાં વેદવેદાંગ શાસ્ત્રોમાં વિદ્વાન હતો, અને તેથી તેને વિદ્યાનો સંપૂર્ણ મદ ચડયો હતો; એટલે વિદ્યા સંબંધી તેને ઘણું અભિમાન હતું. ઇન્દ્ર તે પાઠશાળામાં વિદ્યાર્થીનો વેષ ધારણ કરીને એક તરફ જઇને ઉભો રહી ગયો અને ઇન્દ્રભૂતિનું વ્યાખ્યાન સાંભળવા લાગ્યો. ઇન્દ્રભૂતિએ થોડી વારમાં વિરામ લેતાં વિદ્યાર્થીઓ પ્રતિ કહ્યું કે "કેમ તમારા સમજવામાં આવ્યું ? ત્યારે બીજા બધા વિદ્યાર્થીઓએ કહ્યું કે "હા, સમજાયું." પણ

---

૧ ઇન્દ્રભૂતિના ગોત્રનું નામ ગૌતમ હતું. અનેક ઇતિહાસકારોએ ભ્રમમાં પડીને ગૌતમ ગણુધરને ગૌતમ બુદ્ધ લખી દીધો છે.

ઇન્દ્રે તો તે વખતે જાણી જોઇને નાકનો અગ્રભાગ ચઢાવી તે પ્રત્યે પોતાની અરૂચી હોય, એવી ચેષ્ટા કરી, તે અન્ય વિદ્યાર્થી ઓની દ્રષ્ટિમાં આવી ગઇ, અને તેમણે તત્કાળ તે ભાવને પોતાના ગુરૂ મહારાજને નિવેદન કરી દીધો, ત્યારે ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ એ અપૂર્વ વિદ્યાર્થી પ્રત્યે બોલ્યા કે સમસ્ત શાસ્ત્રોને હું હથેલી ઉપર રાખી આંગલીના ટેરવા સમાન લેખું છું અને બીજા વાદી ગણોનો દુષ્ટ મદ તો મારી સન્મુખ આવતાંજ નષ્ટ થઇ જાય છે તો તું કહે કે મારૂં ઉત્તમ વ્યાખ્યાન તને કયા કારણથી રૂચિકર થયું નહિ ?" ત્યારે ઇન્દ્રે પ્રતિઉત્તર આપ્યો કે " જો આપ સમ્પૂર્ણ શાસ્ત્રોનું તત્વ જાણો છો તો મારી આ આર્યાનો અર્થ કરી આપો." એમ કહી તે વખતે ઇન્દ્રભૂતિએ નીચેની આર્યા (શ્લોક) બોલી સંભલાવીઃ—

[1]षड्द्रव्यनवपदार्थत्रिकालपञ्चास्तिकायषट्कायान् ।

विदुषां वरः स एव हि यो जानाति प्रमाणनयैः ।।

ઇન્દ્રભૂતિ કદી નહિ સાંભળેલી અને અત્યંત [2]મુશ્કેલ અર્થવાળી આ આર્યાને સાંભળતાં તેમાં કાંઇપણ સમજી શકયો નહિ; તેથી તે બોલ્યો કે તમે કોના વિદ્યાર્થી છો ? ઇન્દ્રે ઉત્તર દીધો કે " હું જગદ્ગુરૂ શ્રી વર્ધમાન ભટ્ટારકનો શિષ્ય છું." ત્યારે ઇન્દ્રભૂતિએ કહ્યું કે " ઓહો ! તમે પેલા સિદ્ધારથનન્દનના શિષ્ય છો, કે જે મહાઇન્દ્રજાલ વિદ્યાને જાણવાવાળા છે; અને જે

૧ છદ્રવ્ય, નવ પદાર્થ, ત્રણકાળ, પંચાસ્તિકાય અને છકાયોને પ્રમાણ નય પૂર્વક પરીપૂર્ણપણે જાણે તેજ પુરૂષ વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે.

૨ આર્યાના શબ્દનો અર્થ કાંઇ કઠિન નથી, પણ તેમાં જે પદાર્થોની સંખ્યા બતાવી છે, તે કોઇપણ અન્ય દર્શનમાં નહિ હોવાથી ઇન્દ્રભૂતિ તે સંબંધી અભિપ્રાય પ્રકટ કરી શકયો નહિ.

લોકોને આકાશમાર્ગમાં દેવોને આવતાં દેખાડે છે.[૧]

ઠીક, તો હું તેમનીજ સાથે શાસ્ત્રાર્થ કરીશ. તારી સાથે શું કરૂં ? કેમકે તારા જેવાની સાથે વિવાદ કરવાથો ગૌરવની હાનિ થાય છે, માટે ચાલો, એનો શાસ્ત્રાર્થ કરવા માટે ત્યાં જઇએ. એ પ્રમાણે કહી ઇંદ્રભૂતિ ઇંદ્રને આગળ કરીને પોતાના ભાઈ અગ્નિભૂતિ અને વાયુભૂતિની સાથે સમવસરણ તરફ ચાલ્યો. ત્યાં પહોંચતાં જેવાં માનસ્તંભનાં દર્શન કર્યાં તે વખતેજ એ ત્રણેનો ગર્વ ગળી ગયો અને પછી જીનેંદ્ર ભગવાનને જોયા એટલે આપોઆપ તેઓના હ્રદયમાં ભકિતનો ભાવ ઉત્પન્ન થયો, તેથી ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરી તેમને (ઇંદ્રભૂતિએ) નમસ્કાર કર્યો, સ્તુતિ પાઠ બોલ્યા, અને તેજ વખતે સઘળા પરિગ્રહનો ત્યાગ કરીને શ્રી જીનદિક્ષા લઇ લીધી. ઇન્દ્રભુતિને તત્કાળ સપ્તરૂદ્ધિઓ પ્રાપ્ત થઇ ગઇ, અને છેવટે તો તે ભગવાનના ચાર જ્ઞાનધારી પ્રથમ ગણધર થયા. સમવસરણમાં આ ઇન્દ્રભુતિ ગણધરે ભગવાનને " જીવ અસ્તિરૂપ છે કે નાસ્તિરૂપ છે ? એનાં કયાં કયાં લક્ષણ છે ? તે કેવો છે ? ઇત્યાદિ સાઠ હજાર પ્રશ્નો કર્યા. ઉત્તરમાં " જીવ અસ્તિરૂપ છે, અનાદિ નિધન છે, શુભાશુભ કર્મોનો કરનાર અને ભોગવનાર છે. પ્રાપ્ત થતા શરીરનો આકાર છે. ઉપસંહરણ વિસર્પણ ધર્મવાળો અને જ્ઞાનાદિ ગુણોથી યુકત છે. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આદિ લક્ષણ વાળો છે. સ્વસંવેદન ગ્રાહ્ય છે, અનાદિ પ્રાપ્ત કર્મોના સંબંધથી નવાં નવાં કર્મરૂપી પુદ્ગલોને ગ્રહણ કરનારો, છોડનારો અને ભવભવમાં ભ્રમણ કરવાવાળો છે,

૧ ભગવાનના કલ્યાણકમાં જયારે દેવોનું આગમન થાય છે, ત્યારે મિથ્યાત્વીઓ સમજે છે કે એ કોઇ ઇન્દ્રજાલીઓ છે; અને પોતાની વિદ્યાથી એ અસંભવ બાબત દેખાડે છે;

તથા છેવટે સઘળાં કર્મોનો ક્ષય થતાં મુકત થવાવાળો છે. " એ પ્રકારે વિવિધ ભેદોથી જીવાદિ વસ્તુઓનાં સ્વરૂપ શ્રી વીર ભગવાને દિવ્યધ્વનિદ્વારા પ્રકટ કર્યાં.

પછી શ્રાવણ સુદ ૧ના પ્રભાત સમયે રૌદ્ર મૂહુર્તમાં જ્યારે ચંદ્રમા અભિજીત નક્ષત્રમાં હતો, તે વખતે ગુરૂના તીર્થની દિવ્ય ધ્વનિ અથવા દિવ્યધ્વનીદ્વારા સંસારરૂપી સમુદ્ર તરવાના કારણ ભુત યથાર્થ મોક્ષ માર્ગના ઉપદેશની ઉત્પત્તિ થઇ. શ્રી ઇન્દ્રભુતિ ગણધરે ભગવાનની વાણી તત્વ પુર્વક જાણીને તેજ દિવસે સાંજે અંગ અને પુર્વની રચના સાથેસાથે કરી અને પોતાના સહધર્મી સુધર્માસ્વામીને તે શીખવી. એમના પછી સુધર્માસ્વામીએ પોતાના સહધર્મી જમ્બુસ્વામીને, અને જમ્બુસ્વામીએ અન્ય મુનિવરોને એ શ્રુત સમજાવ્યું.

પછી જગત્પુજ્ય શ્રી સન્મતિનાથ (મહાવીરસ્વામી) અનેક નિકટ ભવ્યરૂપી ધાન્યને ધર્મામૃતરૂપી વરસાદના સિંચનથી પરમાનંદીત કરતા કરતા, ત્રીશ વર્ષ સુધી ભિન્ન ભિન્ન દેશોમાં વિહાર કરીને, કમળોના વનસહિત અતિશય સુશોભીત પાવાપુરના બાગમાં પહોંચ્યા. અને ત્યાં જયારે ચોથા કાળને ત્રણ વર્ષ અને સાડા આઠ મહીના બાકી રહ્યા, ત્યારે આસોવદ ચૌદસની પાછલીરાત્રે મોક્ષે પધાર્યા. ભગવાનના નિર્વાણ થવાની સાથેજ શ્રી ઇન્દ્રભૂતિ ગણધરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, અને ત્યારબાદ બાર વર્ષ વિહાર કરીને મોક્ષે ગયા. એમના નિર્વાણ પછી તુરતજ

૧ એ દિવસે દીવાળીનો ઉત્સવ મનાય છે. નિર્વાણકલ્યાણકનું રૂપાન્તર તેજ દિવાળીનો મહોત્સવ છે. એજ દિવસથી વીરનિર્વાણ સંવત ચાલે છે અને અનેક પ્રાંતોમાં વર્તમાન સમયે પણ એજ દિવસથી નવા વર્ષનો આરંભ થાય છે.

સુધર્માચાર્યને કેવળજ્ઞાનનો ઉદય થયો અને એમને પણ બાર વર્ષ વિહાર કરતાં મોક્ષ પ્રાપ્તિ થઈ, અને તેજ વખતે જમ્બુ સ્વામીને કેવળજ્ઞાન થયું. એમણે ૩૮ વર્ષ સુધી વિહાર કરીને ભવ્ય જીવોને ઉપદેશ આપ્યો, અને છેવટે મોક્ષરૂપી મહેલમાં વાસ કર્યો. આ ત્રણે મુનિઓને કેવળરૂપી પરમ વિભૂતિ મળી. ત્યાંસુધી કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય નિરંતર થયો; પરન્તુ તે પછી કેવળ જ્ઞાનરૂપી સૂર્યનો અસ્ત થઈ ગયો.[1]

જમ્બુસ્વામીની મુકિત થયાપછી શ્રી વિષ્ણુમુનિ સમ્પૂર્ણ શ્રુત જ્ઞાનના જાણવાવાળા **શ્રુત કેવળી** (દ્વાદશાંગનાધારક) થયા; અને અને તેજ પ્રમાણે ત્યારપછી નન્દિમિત્ર, અપરાજિત, ગોવર્ધન અને [2]ભદ્રબાહુ એ ચાર મહામુની પણ અશેષ શ્રુતસાગરના જાણવાવાળા થયા. ઉકત પાંચે કેવળી ૧૦૦ વર્ષની અંદરમાં થયા; અર્થાત ભગવાનની મુકિત પછી ૬૨ વર્ષમાં ત્રણ કેવળી થયા, અને બીજા ૧૦૦ વર્ષમાં ૫ શ્રુતકેવળી થયા, અને જોતજોતામાં શ્રુતકેવળી સૂર્યનો પણ અસ્ત થઈ ગયો, ત્યારે અગ્યાર અંગ અને દશપૂર્વના ધારણ કરવાવાળા. [3]વિશાખાદત્ત, પ્રૌષ્ઠિલ, ક્ષત્રિય, જયસેન, નાગસેન, સિદ્ધાર્થ, ધૃતિષેણ, વિજયસેન, બુધ્ધિમાન, ગંગદેવ, અને ધર્મસેન,[4] આ ૧૧ મહાત્મા થયા, એટલામાં ૧૮૩ વર્ષ નો સમય વ્યતિત થઈ ગયો, પછી ૨૨૦ વર્ષમાં નક્ષત્ર, જયપાલ,

---

૧ વીર નિર્વાણ પછી ૬૨ વર્ષ સુધી કેવળજ્ઞાનનું અસ્તિત્વ ભરત ક્ષેત્રમાં રહ્યું.

૨ સુપ્રસિદ્ધ જ્યોતિષી અને અષ્ટાંગ નિમિત્ત જ્ઞાનના જ્ઞાતા ભદ્રબાહુ એનાથી બીજા છે. જે એનાથી બહુજ પાછળ થયાછે.

૩ વિશાખાદત્તને કોઈ કોઇ વિશાખાચાર્ય પણ લખે છે.

૪ એક પાઠમાં ધર્મસેનની જગાએ "દત્ત" લખેલું છે.

પાન્ડુ, દ્રુમસેન,[1] અને કંસાચાર્ય એ પાંચ મુનિ અગ્યાર અંગના ધારક થયા, પછી ૧૧૮ વર્ષમાં સુભદ્ર, અભયભદ્ર,[2] જયબાહુ અને લોહાચાર્ય એ ચાર મુનિશ્વર આચારાંગ શાસ્ત્રના મહા વિદ્વાન થયા. ત્યાં સુધી એટલે વીર નિર્વાણનાં ૬૮૩ વર્ષ સુધી અંગજ્ઞાનની પ્રવૃત્તિ રહી અને ત્યાર પછી કાળના નિયમાનુસાર તેનો પણ વિનાશ થઇ ગયો.

લોહાચાર્યના પછી વિનયધર, શ્રીદત્ત, શિવદત્ત, અને અર્હદ્દત્ત એ ચાર આરાતીય મુનિ અંગપુર્વદેશના અર્થાત અંગપૂર્વ જ્ઞાનના અમુક ભાગના જ્ઞાતા થયા, ત્યારપછી પૂર્વદેશના પુન્દ્રવર્ધન પુરમાં **શ્રી અર્હદ્બલિમુની** થયા જે અંગપૂર્વ દેશના એક ભાગને જાણુવાવાળા હતા. પ્રસારણ, ધારણ, વિશુદ્ધિ આદિ ઉત્તમ ક્રિયાઓમાં નિરન્તર તત્પર હતા, અષ્ટાંગ નિમિત જ્ઞાનના જ્ઞાતા હતા, અને મુનિસંઘને નિગ્રહ અનુગ્રહ પુર્વક રાજ્ય કરવાને સમર્થ હતા. વળી તેઓ પ્રત્યેક પાંચવર્ષના અન્તમાં ૧૦૦ જોજન ક્ષેત્રમાં રહેવાવાળા મુનિઓના સમુહને એકત્ર કરીને યુગ પ્રતિક્રમણ કરાવતા હતા. એક વખત ઉકત ભગવાન અર્હદ્બલિ આચાર્યે યુગપ્રતિક્રમણને સમયે મુનિજનોના સમુહને પુછ્યું કે “ સર્વ યતિ આવી ગયા ?” તેના જવાબમાં એ મુનિઓ બોલ્યા કે ભગવાન! હમે સર્વે ‘પોતપોતાના સંઘ સહિત આવી ગયા છીએ’ એ શબ્દોથી મુનિયોની નિજત્વ બુદ્ધિ (પક્ષપાત બુદ્ધિ) પ્રગટ થઈ, તે કારણુથી તેજ વખતે આચાર્ય ભગવાને નિશ્ચય કરી લીધો કે, આ પંચમકાળમાં હવે પછી જૈન ધર્મ ભિન્ન ભિન્ન ગણોના પક્ષપાતપણે રહી

---

૧ બીજા ગ્રંથોમાં ધ્રુવસેન લખેલું છે.

૨ પંચાસ્તિકાયની ટીકામાં અભયભદ્રને સ્થાને યશોભદ્ર, જયબાહુને સ્થાને મહાયશ લખ્યા છે.

શકશે, ઉદાસીન ભાવથી નહિ. અર્થાત ભવિષ્યના મુનિવરો, પોત પોતાના સંઘનો, ગણનો, ગચ્છનો પક્ષ ધારણ કરશે. સર્વ એકરૂપ સમજીને માર્ગની પ્રવૃત્તિ નહિ કરી શકે, એ રીતે વિચાર કરીને એમણે જે મુનિગણો ગુફાઓમાંથી આવ્યા હતા, તેમાંથી કોઇ કોઇનું નંદિ અને કોઇનું વીર નામ રાખ્યું. જે અશોક વાટથી આવેલા હતા, તેમાંથી કોઇનું અપરાજીત અને કેટલાકનું દેવ નામ રાખ્યું. જે પંચસ્તુપોનો નિવાસ છોડી આવેલા હતા, તેમાંથી કેટલાકને સેન અને કેટલાકને ભદ્ર બનાવી દીધા. જે મહાશાલ્મલિ (સેંવર) વૃક્ષોની નીચેથી આવ્યા હતા તેમાંથી કેટલાકનું ગુણધર અને કેટલાકનું ગુપ્ત નામ રાખ્યું, અને જે ખંડકેસર (બકુલ) ના વૃક્ષોની નીચેથી આવેલા હતા તેમાંથી કેટલાકનું સિંહ અને કેટલાકનું ચંદ્ર નામ રાખ્યું.

અનેક આચાર્યોનો એવો મત છે કે ગુફામાંથી નીકળવા વાળાને નન્દિ, અશોકવનથી નિકળવાવાળાને દેવ. પંચસ્તુપોથી આવવાવાળાને સેન, મોટા શાલ્મલિ વૃક્ષની નીચે નિવાસ કરવા વાળાને વીર, અને ખંડકેસર વૃક્ષની નીચે રહેવાવાળાને ભદ્ર એ પ્રમાણેની સંજ્ઞાથી પ્રસિદ્ધ કર્યા હતા.

એ રીતે મુનિજનોનો સંઘ પ્રવર્તન કરવાવાળા ઉકત શ્રી અર્હદ્દબલિ આચાર્યના સઘળા ઉપરોકત મુનિઓ શિષ્ય કહેવાયા. એમના પછી એક શ્રી માઘનન્દિ નામના શ્રેષ્ઠ મુનિ થયા તે પણ અંગપૂર્વના એક ભાગના જ્ઞાતા થઇ તેનો સારી રીતે પ્રકાશ કરી સ્વર્ગલોકમાં પધાર્યા. તે પછી સૌરાષ્ટ્ર (સોરઠ) દેશમાં આવેલા ગિરિનગર સમીપ ઉર્જયન્તગિરિ (ગીરનાર) ની ચન્દ્રગુફામાં નિવાસ કરવાવાળા મહા તપસ્વી **શ્રીધરસેન આચાર્ય**

થયા. એમને અગ્રાયણી પુર્વમાં આવેલા પંચમવસ્તુના ચતુર્થ મહાકર્મ પ્રાભુતનું જ્ઞાન હતું. અને પોતાના નિર્મળ જ્ઞાનવડે જયારે એમ જણાયું કે હવે મારૂં આયુષ્ય માત્ર થોડું બાકી રહ્યું છે અને મને શાસ્ત્રનું જે જ્ઞાન છે, તેટલુંજ હવે સંસારમાં રહેશે, અર્થાત્ એનાથી વધારે શાસ્રના જ્ઞાનવાળો આગળ કોઈ થશે નહિ, માટે જો કોઇ પ્રયત્ન નહિ કરે તો શ્રુતનો સર્વાંગે નાશ થશે. એવો વિચાર કરી તે નિપુણમતિ શ્રીધરસેન મહર્ષિએ દેશેન્દ્રદેશના વેણાતટાકપુરમાં રહેવાવાળા મહા મહીમા શાળી મુનિયોની પાસે એક બ્રહ્મચારી સાથે પત્ર મોકલ્યો. બ્રહ્મચારી પત્ર લઇ ત્યાં ગયો, અને ઉકત મુનિવરોના હાથમાં તે પત્ર આપ્યો. તેમણે એ પત્ર ઉઘાડી વાંચ્યો, તો તેમાં લખ્યું હતું કે "સ્વસ્તિ શ્રી વેણાતટાકવાસી યતિવરોને ઉર્જયન્તની પાસે ચન્દ્રગુફાના નિવાસી ધરસેનગણિ અભિવન્દનપૂર્વક જણાવે છે કે–મારી આયુષ્ય અત્યન્ત થોડી બાકી રહી છે; જેથી મારા અંતર્ગત શાસ્ત્ર જ્ઞાનનો (મારા પછી) વિનાશ થઈ જવા સંભવ છે, તેથી એની રક્ષા કરવાને માટે આપ લોકો બે એવા યતીશ્વરોને મોકલી આપશો કે જે શાસ્રજ્ઞાનને ધારણ કરવામાં સમર્થ અને તિક્ષ્ણ બુદ્ધિવાળા હોય." એ પત્રનો હેતુ સારી રીતે સમજીને આ મુનિઓએ બે મહા બુધ્ધિશાળી મુનિઓને તૈયાર કરીને તુરતજ મોકલી દીધા.

જે દિવસે એ બે મુનિઓ ઉર્જયત્નગિરિ પર પહોંચ્યા, તેની પહેલી રાત્રીએ શ્રીધરસેન મુનિએ સ્વપ્નમાં બે શ્વેત બળદોને પોતાના ચરણમાં પડતા જોયા. સ્વપ્ન પછી જયારે તે મુનિ "जयतु श्री देवता" એમ કહી જાગીને બેઠા થયા, એટલામાં તો વેણાતટાકપુરથી આવેલા બે મુનિઓ સન્મુખ ઉભેલા જોયા,

અને તેઓ પોતાના આગમન સંબંધી હકીકત નિવેદન કરવા લાગ્યા.

શ્રીધરસેનાચાર્યે માનપૂર્વક એમનો અતિથિ—સત્કાર કર્યો અને પછી માર્ગપરિશ્રમ શાન્ત કરવાને માટે ત્રણ દિવસ વિશ્રામ કરવા જણાવ્યું. એ પછી તેમણે વિચાર કર્યો કે "જે જ્ઞાન મારે એને સમજાવવું છે, તેને યોગ્ય એની બુદ્ધિ છે કે નહિ, એવી તેમની પરીક્ષા કરવી જોઇએ, કેમકે સુપરીક્ષા મનને શાન્તિદાયક છે." અર્થાત્ જે વિષયની પરીપૂર્ણપણે પરીક્ષા કરેલી હોય, તેમાં કોઈ પ્રકારની શંકા રહેતી નથી. આથી એ બન્ને મુનિઓને બે વિદ્યા સાધન કરવા આપી, જેમાં એક વિદ્યામાં એક અક્ષર ઓછો હતો, ત્યારે બીજીમાં એક અક્ષર વધારે હતો.

એ મુનિઓએ શ્રી નેમિનાથ તિર્થંકરની સિદ્ધશિલા (નિર્વાણ ભુમિ) ઉપર જઇને વિધિપુર્વક એ વિદ્યાઓની સાધના શરૂ કરી, પરંતુ જે ઓછા અક્ષરવાળી વિદ્યાની સાધના કરતા હતા, તેની પાસે એક આંખવાળી દેવી અને અધિક અક્ષરવાળા મુનિ પાસે મોટા દાંતવાળી દેવી આવીને ઉભી રહી. એ જોઇ મુનિઓએ વિચાર કર્યો કે દેવતાનું આ સ્વરૂપ–મુળ સ્વભાવ નથી, માટે આપણી સાધનામાં જરૂર કોઇ ભુલ હોવી જોઇએ. આથી તેમણે મંત્ર વ્યાકરણની વિધિથી ન્યુનાધિક અક્ષરો મેળવી સામાનતા કરવાના વિધાનથી એ મંત્રોને શુદ્ધ કરી ફરી ચિન્તવન કર્યું, જેથી એ દેવીઓએ બાજુબંધ, વીંટા, કંકણ, કંઠી, વગેરે ઘરેણાં સાથે સુશોભિત દિવ્યરૂપ ધારણ કરી દર્શન આપ્યાં અને સમક્ષ આવી કહ્યું કે "કયું કામ કરવાને માટે અમને આજ્ઞા કરવામાં આવે છે, તે કહો." આ સાંભળી મુનિઓએ કહ્યું કે અમારે ઐહિક પારલૌકીક એવું કોઇ કામ નથી, કે જે તમે સિદ્ધ કરી

શકો. અમે તો માત્ર ગુરૂદેવની આજ્ઞાથીજ મંત્રોની સિદ્ધિ કરી છે. મુનિઓના વિચાર સાંભળી એ બંને દેવીઓ એજ વખતે પોતાને સ્થાને ચાલી ગઇ.

આ પ્રમાણે વિદ્યાસાધન કરીને સંતુષ્ટ થઇને એ બન્ને મુની ઓએ ગુરૂદેવની પાસે જઈ પોતાનો સઘળો વૃત્તાંત નિવેદન કર્યો, તે સાંભળી શ્રીધરસેનાચાર્યે એમને અતિશય યોગ્ય જાણી શુભતિથિ, શુભ નક્ષત્ર, અને શુભ સમયે ગ્રન્થનું વ્યાખ્યાન કરવાનો પ્રારંભ કરી દિધો, અને તે શિષ્યો પણ આલસ્ય છોડી ગુરૂવિનય અને જ્ઞાનવિનય ઉત્તમ રીતે પાળીને અધ્યયન [અભ્યાસ] કરવા લાગ્યા.

કેટલાક દિવસ પછી અષાડ શુદી ૧૧ ને દિવસે વિધિપૂર્વક ગ્રન્થ સમાપ્ત થયો.[૧] એ દિવસે દેવોએ પ્રસન્ન થઇને પ્રથમ મુનિની દંતપંકિત જે વિષમરૂપ હતી તેને કુન્દના પુષ્પ સરખી કરી દીધી, અને એનું પુષ્પદન્ત એવું યોગ્ય નામ આપ્યું. વળી એજ રીતે ભુતજાતિના દેવોએ બીજા મુનિની તુર્યનાદ જયઘોષ તથા ગન્ધમાલ્ય ધૂપાદિકથી પુજા કરીને એનું ભૂત પતિ એવું સાર્થક નામ રાખ્યું.

બીજે દિવસે ગુરૂએ એવો વિચાર કર્યો કે મારૂં મૃત્યુ હવે બહુ પાસે છે તેથી જો આ શિષ્યો મારી પાસે રહેશે તો દુઃખી થશે, માટે તે બન્નેને કુરીશ્વર નગરમાં મોકલી દીધા, જે ચાલતાં ચાલતાં ૯ દીવસે એ નગરમાં પહોંચી ગયા, ત્યાં જેઠ વદી પાંચમે યોગ

---

૧. એમ સમજાય છે કે ત્યાં સુધી આગમ જ્ઞાન ગુરૂ પરંપરાથી કંઠસ્થ ચાલ્યું આવતું હતું, લિપિબન્ધ નહોતું, પણ તેથી એમ કહેવા નું નથી, કે તે પહેલાં લખવાની પ્રણાલિ નહોતી.

ગ્રહણ કરી એમણે વર્ષાકાળ સમાપ્ત કર્યો, અને પછી દક્ષિણ તરફ વિહાર કર્યો. કેટલાક દીવસ પછી એ બન્ને મહાત્મા કરહાટ નગરમાં પહોંચ્યા. ત્યાં શ્રી પુષ્પદન્ત મુનિએ પોતાના જીનપાલિત નામના ભાણેજને જોયો; તેને જીનદિક્ષા આપી પોતાની સાથે લીધો, અને વનવાસ દેશમાં આવી પહોંચ્યા; હવે ભૂતબલિ દ્રવિડ દેશના મથુરા નગરમાં પહોંચીને ત્યાં રહ્યા. કરહાટ નગરથી એ બન્ને મુનિઓનો સંઘાત છુટો પડયો હતો.

શ્રી પુષ્પદન્ત મુનિએ જિનપાલિતને ભણાવવા માટે વિચાર કર્યો કે કર્મપ્રકૃતિ પ્રાભૃતના છ ખંડોનો ઉપસંહાર કરીને ગ્રંથરૂપ રચના કરવી યોગ્ય છે, તેટલા માટે એમણે પ્રથમ જીવસ્થાનાધિકારની જેમાં ગુણસ્થાન, જીવ, સમાસ આદિ ૨૦ પ્રરૂપણાઓનું વર્ણન છે. તેની બહુજ ઉત્તમતા સાથે રચના કરી અને પછી પોતાના જીનપાલિત શિષ્યને તે બધાં સુત્ર શીખવી, શ્રી ભુતબલિ મુનિની પાસે તે બાબત તેમનો અભિપ્રાય જાણવાને માટે મોકલી દીધો, અર્થાત્ શ્રી ભૂતબલિમુનિ આ કાર્ય કરવામાં સમ્મત છે કે નથી, વળી જો સમ્મત છે તો વિષયની જે રૂપમાં રચના કરી છે, તે સંબંધે શો અભિપ્રાય આપે છે, તે જોવાને માટે પોતાના શિષ્યને તેમની પાસે મોકલ્યો. એણે ભૂતબલિ મહર્ષિની પાસે જઈને પ્રરૂપણા સૂત્ર સંભળાવ્યું, તે સાંભળી એમણે શ્રી પુષ્પદન્ત મુનિનો ષટ્ ખંડરૂપ આગમ રચનાનો અભિપ્રાય જાણી લીધો. અને હવે પછી લોકો દિવસે દિવસે અલ્પાયુ અને અલ્પમતિ થતા જશે, એવો વિચાર કરી એમણે પણ પોતે પાંચ ખંડોમાં પૂર્વ સૂત્રો સહિત ૬૦૦૦ શ્લોકવાળા દ્રવ્યપ્રરૂપણાદિ અધિકારની રચના કરી, અને તે પૂર્ણ થયા પછી મહાબન્ધ નામના છઠ્ઠા ખંડની ૩૦૦૦૦ સૂત્રમાં સમાપ્તિ

કરી. પહેલા પાંચ ખંડોનાં નામ જીવસ્થાન, ક્ષુલ્લકબન્ધ, બન્ધ સ્વામિત્વ, ભાવવેદના, અને વર્ગણા એ છે.

શ્રીભૂતબલિ મુનિએ એ પ્રમાણે ષટ્ખંડ આગમની રચના કરીને તેને અસદ્ભાવ સ્થાપના દ્વારા પુસ્તકોમાં લખ્યું અર્થાત તે સઘળું લિપિબન્ધ કર્યું. અને એની જ્યેષ્ઠ શુદી પાંચમને દિવસે ચતુર્વિધ સંઘ સહીત બંધન વગેરે ઉપકરણોદ્વારા ક્રિયા સાથે પુજા કરી, તે દિવસથી એ જ્યેષ્ટ સુદી પાંચેમ સંસારમાં **શ્રુતપંચમી** ના પવિત્ર નામથી પ્રખ્યાત થઇ, કારણ કે એ દિવસે શ્રુતનો અવતાર થયો. તેથી આજસુધી સમસ્ત જૈનો એ તિથિએ શ્રુતપુજા કરે છે.

કેટલાક દીવસ પછી ભૂતબલિ આચાર્યે ષટ્ખંડ આગમનું અધ્યયન કરાવીને જિનપાલિત શિષ્યને તે પુસ્તક સાથે શ્રી પુષ્પદન્ત ગુરૂની પાસે મોકલી દીધો. જિનપાલીતના હાથમાં ષટ્ખંડ આગમ જોઇ પોતાનું ઇચ્છિતકાર્ય પૂર્ણ થઇ ગયું એમ જાણી શ્રી પુષ્પદન્તાચાર્યનું સમસ્ત શરીર શ્રુતના પ્રેમમાં અત્યંત તન્મય થઇ ગયું; અને તેથી અતીશય આનન્દિત થઇ એમણે પણ ચતુર્વિધ સંઘની સાથે [1]શ્રુતપંચમીને દિવસે ચંદન, અક્ષત, પુષ્પ, વસ્ત્ર, ચંદરવો, ઘંટ, ધ્વજા વગેરે અનેક પવિત્ર દ્રવ્યોથી પૂર્વવત્ સિદ્ધાંત ગ્રંથની મહાપૂજા કરી.

એ પ્રમાણે ષટ્ખંડ આગમની ઉત્પત્તિનું વર્ણન પૂર્ણ કરીને હવે કષાયપ્રાભૃત સૂત્રોની ઉત્પત્તિનું વર્ણન કરીએ છીએ.

ઘણું કરીને શ્રીધરસેન આચાર્યના સમયમાં એક શ્રી ગુણધર નામે આચાર્ય થયા, એમને પાંચમા જ્ઞાનપ્રવાદપૂર્વના દશમ

---

૧. આ બીજા વર્ષના શ્રુતપંચમી હશે.

વસ્તુના ત્રીજા કષાયપ્રાભૃતનું જ્ઞાન હતું. શ્રી ગુણધર અને શ્રી ધરસેનાચાર્યની પૂર્વાપર ગુરૂપરંપરાનો ક્રમ અમે જાણતા નથી, કેમકે એની પરિપાટીને બતાવવાવાળા ગ્રંથો અને મુનિ-જનોનો અભાવ છે; તેથી એ વિષયમાં કાંઇ વીશેષ કહી શકતા નથી. શ્રી ગુણધર મુનીએ પણ વર્તમાન પુરૂષોની શકિતનો વિચાર કરીને કષાયપ્રાભૃત આગમ જેને કોઈ કોઇ દોષપ્રાભૃત પણ કહે છે, તે ૧૮૩ મૂળ ગાથા અને ૫૩ વિવરણ રૂપ ગાથાઓમાં બનાવ્યો. એ પછી ૧૫ મહાધિકારોમાં વિભાગ કરીને શ્રી નાગહસ્તિ અને આર્યમંક્ષુ મુનીઓ માટે એનું વ્યાખ્યાન કર્યું. પછી એ બન્ને મુનિઓની પાસે શાસ્ત્રનિપુણ શ્રી યતિવૃષભ નામના મુનિએ દોષપ્રાભૃતના ઉપલા સુત્રોનું અધ્યયન કરીને એની સૂત્રરૂપ ચૂર્ણીવૃત્તિ ૬૦૦૦ શ્લોક પ્રમાણ બનાવી. એ પછી એ સુત્રોનો પરિપૂર્ણપણે અભ્યાસ કરીને શ્રી ઉચ્ચારણાચાર્યે ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ ઉચ્ચારણ વૃત્તિ નામની ટીકા બનાવી. એ પ્રમાણે ગુણધર, યતિ વૃષભ, અને ઉચ્ચારણાચાર્યે કષાયપ્રાભૃતની ગાથા અને ઉચ્ચા-રણ વૃત્તિમાં ઉપસંહાર કર્યો.

એ પ્રમાણે ઉપલા બન્ને કર્મપ્રાભૃત અને કષાયપ્રાભૃત સિદ્ધાન્તોનું જ્ઞાન દ્રવ્ય [1]ભાવરૂપ પુસ્તકોથી અને ગુરૂ પરંપરા થી કુન્ડકુન્દપુરમાં ગ્રન્થ પરિકર્મ (ચૂલિકા–સૂત્ર) ના કર્તા શ્રી પદ્મમુનિને પ્રાપ્ત થયું. અને એમણે પણ છ ખંડોમાંથી પહેલા ત્રણ ખંડની ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી.

---

૧. તાડપત્ર અથવા કાગળ ઉપર લખેલાં પુસ્તકોને દ્રવ્ય પુસ્તક, અને એના કથનને ભાવ પુસ્તક કહે છે.

